# 45

**અમદાવાદ અને મહેસાણા જિલ્લામાં ખાનગી એ.પી.એમ.સી**

* 15/4/2545: **શ્રી શૈલેષ મનુભાઇ પરમાર** (દાણીલીમડા) – **માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે :–

| | **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|---|
| (૧) | તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ અમદાવાદ અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર કઈ ખાનગી એ.પી.એમ.સી. આવેલી છે, | (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં ખાનગી માર્કેટનું લાયસન્સ ધરાવતી કુલ–૭ ખાનગી એ.પી.એમ.સી. છે.<br>1. ધી ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લી., નવરંગપુરા, અમદાવાદ<br>2. સાણંદ એગ્રોઈન્ફ્રા એલ.એલ.પી.,નારણપુરા, અમદાવાદ<br>3. સ્વામી વિવેકાનંદ એગ્રીકલ્ચરલ પ્રોડક્ટ્સ માર્કેટ,ગાટલોડીયા, અમદાવાદ<br>4. વીરમગામ એગ્રો પ્રોડક્ટ્સ માર્કેટ એલ.એલ.પી.,નવરંગપુરા, અમદાવાદ<br>5. બાવળા કૃષિ બજાર એસોસિયેશન, બાવળા, અમદાવાદ<br>6. કર્ણાવતી એગ્રીકલ્ચર માર્કેટયાર્ડ,ગોતા, અમદાવાદ<br>7. જૈની પ્રોજેક્ટ લી.,અમદાવાદ<br><br>તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં ખાનગી માર્કેટનું લાયસન્સ ધરાવતી એકપણ એ.પી.એમ.સી. નથી. |
| (૨) | ઉક્ત એ.પી.એમ.સી. વાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સબસીડીની કેટલી રકમ ચુકવવામાં આવી, | (૨) ઉક્ત એ.પી.એમ.સી. વાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈ સબસીડી ચુકવવામાં આવેલ નથી. |
| (૩) | ઉક્ત એ.પી.એમ.સી. વાર છેલ્લા બે વર્ષમાં કયા નિયમોનું ઉલ્લંઘન કરાયું છે, અને | (૩) ઉક્ત એ.પી.એમ.સી. વાર છેલ્લા બે વર્ષમાં કોઈ નિયમોનું ઉલ્લંઘન કરાયાનું ધ્યાને આવેલ નથી. |
| (૪) | તે અન્વયે કઈ એ.પી.એમ.સી. સામે શા પગલાં લેવામાં આવ્યા? | (૪) ઉપર ૩ માં જણાવ્યા મુજબ કોઈ નિયમોનું ઉલ્લંઘન થયાનું ધ્યાને આવેલ ન હોઈ, પગલાં લેવાનો પ્રશ્ન નથી. |

---